"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં.

તંત્રીશ્રી, ____________________

તા: ૦૬/૦૬/૨૦૧૮
સુરત

જાત નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

<u>લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ લાભુબેન મેઘજીભાઈ ઢોલરીયાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.</u>

<u>સુરતમાંથી ડોનેટ લાઈફ દ્વારા છેલ્લાં ત્રણ દિવસમાં ત્રણ બ્રેનડેડ વ્યક્તિઓનાં પરિવારજનો સાથે સમજણ કેળવી ૫ કિડની, ૨ લિવર, ૬ ચક્ષુઓનું દાન કરાવીને ૧૩ વ્યક્તિઓને નવજીવન આપવામાં આવ્યું.</u>

નામ: લાભુબેન મેઘજીભાઈ ઢોલરીયા ઉ. વ. ૭૭ બ્લડગ્રુપ: AB+ve
રહેવાસી : ૯, ટેનરીવર પાર્ક સોસાયટી, એસ.વી. વિદ્યાલયની પાછળ, ધનમોરા, કતારગામ, સુરત.
મૂળ રહેવાસી: ગામ. અકાળા, તા: લાઠી, જી. અમરેલી.
કૌટુંબિકવિગત: પતિ: મેઘજીભાઈ કાનજીભાઈ ઢોલરીયા ઉ.વ. ૭૯
નિવૃત્ત શિક્ષક
પુત્રો : (૧) બીપીનભાઈ મેઘજીભાઈ ઢોલરીયા ઉ.વ. ૫૧
કિરણ એક્સપોર્ટમાં રત્નકલાકાર તરીકે કામ કરે છે.
(૨) મુકેશભાઈ મેઘજીભાઈ ઢોલરીયા ઉ.વ. ૪૬
કતારગામમાં હેત ફેશનથી એમ્બ્રોઇડરી યુનિટ ચલાવી રહ્યા છે.
(૩) શૈલેષભાઈ મેઘજીભાઈ ઢોલરીયા ઉ.વ. ૪૩
હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7852 Dt. 04-12-2004

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

લાભુબેનને છેલ્લાં દશ બાર દિવસથી માથામાં દુઃખાવાની ફરિયાદ હતી. તા: ૨૮ મે ના રોજ લાભુબેનને માથામાં તેમજ છાતીમાં દુઃખાવાની ફરિયાદ ને કારણે શ્રી ગોપાલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે MRI એન્જીયો, CT સ્કેન કરાવતાં તેમાં મગજની નસો ફાટી જવાને કારણે લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું તેમજ મગજમાં સોજો હોવાનું નિદાન થયું હતું. તેથી વધુ સારવાર માટે ૨ જુન ના રોજ મહાવીર ટ્રોમાં હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં.

મંગળવાર તા: ૫ જુનનાં રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીઝીશ્યન ડૉ. પાર્થીવ દેસાઈએ લાભુબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

રામકૃષ્ણ એક્સપોર્ટના ચેરમેન શ્રી ગોવિંદભાઈ ધોળકિયા અને ડૉ. હસમુખ સોજીત્રાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી લાભુબેનના બ્રેઇનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમ હોસ્પિટલ પહોંચી લાભુબેનનાના પતિ મેઘજીભાઈ, પુત્રો બીપીનભાઈ, મુકેશભાઈ, શૈલેષભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમે વારંવાર વર્તમાનપત્રોમાં ઓર્ગન ડોનેશન અંગેના સમાચારો વાંચતા હતા. આજે જ્યારે અમારા સ્વજન બ્રેનડેડ છે ત્યારે તેમનાં અંગો બળીને રાખ થઇ જાય એના કરતાં તેના કરતાં તેના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની બોરસદ, આણંદના રહેવાસી જયકૃષ્ણ ફુલાભાઈ પટેલ ઉ.વ.૪૧માં, જ્યારે લીવર અંજારના રહેવાસી રાજેશ દવે ઉ.વ. ૫૫માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

3...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં લાભુબેનના પતિ મેઘજીભાઈ, પુત્રો બીપીનભાઈ, મુકેશભાઈ, શૈલેષભાઈ અને પરિવારના અન્ય સભ્યો, ન્યૂરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યૂરોફીજીશિયન ડૉ. પાર્થીવ દેસાઈ, ઇન્ટેન્ટસીવીસ્ટ ડૉ. હાર્દિક પટેલ, રામકૃષ્ણ એક્સપોર્ટના ચેરમેન શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, મહાવીર હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નિલેશ માંડલેવાલા, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિ નો સહકાર સાંપડ્યો હતો..

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૫૪ કિડની, ૧૦૩ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૧૮ ચક્ષુઓના દાન મેળવીને ૫૯૫ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961